# ભાગ્ય બડે જહાં સંત પધારે

**ભગવાન** શ્રી સ્વામિનારાયણના તત્ત્વજ્ઞાનને સર્વત્ર પ્રસરાવવા અને તેનાં સહજ આચરણ દ્વારા સૌને પરમ સુખિયાં કરવા સંતભગવંત સાહેબજીની અનહદ કૃપાથી સંતો દેશ-પરદેશમાં વિચરણ કરે છે. તેઓના સમાગમ પામી ભક્તો-મુમુક્ષુઓ આધ્યાત્મિક ઉત્થાન પામે છે, પરમ શાંતિની અનુભૂતિ કરે છે. આવો દિવ્ય લાભ આપવા સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને સંતો પરદેશની ધર્મયાત્રાએ પધાર્યા.

વડીલ સાધુ પૂ. દિલીપદાસજી ૨૮ મે ૨૦૨૪ના રોજ ઈંગ્લૅન્ડ પધાર્યા. મંદિરે સંતો-ભક્તો દ્વારા તેઓનાં સ્વાગત થયાં. સાધુ પૂ. દિલીપદાસજી દરરોજ સાંજે મંદિરમાં યોજાતી સભામાં 'વચનામૃત', 'સ્વામીની વાતું'નાં નિરૂપણ કરીને સૌ ભક્તોને લાભ આપી રહ્યા છે. ૯ જૂનના રોજ રવિવારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો ૧૩૩મો પ્રાગટ્યોત્સવ સાધુ પૂ. દિલીપદાસજી અને પૂ. હિંમત સ્વામીજીનાં સાંનિધ્યમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો. મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા. વડીલોએ મહિમાગાન કર્યાં. સાધુ પૂ. દિલીપદાસજી અને પૂ. હિંમત સ્વામીજીએ યોગીબાપાના અલૌકિક મહિમાનાં અદ્‌ભુત ગાન કર્યાં. ખાસ તો, યોગીબાપાએ સાહેબદાદાને 'હૃદય ભગવું કરવાની મંત્રદીક્ષા' આપી તેનાં વિગતે મહિમાગાન કર્યાં. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ વિડિયો કોલ દ્વારા આશીર્વાદ વરસાવ્યા.

૧૮ જૂન ૨૦૨૪ના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સાથે સાધુ પૂ. ઉત્પલદાસજી, પૂ. મૂકેશદાસજી અને પૂ. ચંદ્રેશદાસજી ઈંગ્લૅન્ડ પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની દિવ્ય ઉપસ્થિતિથી સર્વત્ર આનંદ વ્યાપી ગયો. તેઓનાં સાંનિધ્યમાં વિવિધ કાર્યક્રમો યોજાયા અને સૌને ભક્તિનો અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયો. સાધુ જયેન્દ્રદાસજીના પ્રાગટ્યદિને તેઓ પર અને ઈંગ્લૅન્ડની બ્રહ્મજ્યોતિ પર નિર્માણાધીન સાધક નિવાસનું કામ ઝડપથી આગળ ધપાવતા અક્ષરમુક્ત કૉન્ટ્રાક્ટર જતીનભાઈ પર આશીર્વાદ વરસાવ્યા.



અનુપમ મિશન, ડેન્હમ-ઈંગ્લૅન્ડ મંદિરે શ્રેષ્ઠી શ્રી સુભાષભાઈ ઠક્કરનાં અભિવાદન

ગુજરાતી લોહાણા કૉમ્યુનિટીના અગ્રગણ્ય એવા શ્રી સુભાષભાઈ ઠક્કરને બ્રિટિશ કિંગ શેવીશ તરફથી ઑફિસ ઑફ ધ મોસ્ટ ઍક્સેલન્ટ ઑર્ડર ઑફ બ્રિટિશ ઍમ્પાયર (OBE)નું સન્માન મળ્યું, તે નિમિત્તે તેઓનો સન્માન સમારંભ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં બ્રહ્મજ્યોતિ, ઈંગ્લૅન્ડ ખાતે ૧૯ જૂનના રોજ યોજાયો. ખૂબ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા. શ્રી સુભાષભાઈનાં સ્વાગત-સત્કાર ને સન્માન કરાયાં. સંતભગવંત સાહેબજીએ ખાસ ભારતથી સ્મૃતિભેટ મોકલી આશીર્વાદ પાઠવ્યા. ૨૦ જૂનના રોજ સંતભગવંત સાહેબજી સાથે ખૂબ જ પ્રેમભાવથી જોડાયેલા શ્રેષ્ઠી શ્રી નઝમુભાઈ વિરાનીએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા પધારી ગોષ્ઠિનો લાભ લીધો. રાત્રિસભામાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ સુંદર લાભ આપ્યો. ૨૧ જૂનની સવારે વિજયકુમાર-દર્શનાબહેનના દીકરા ચિ. રાકેશની લગ્ન કંકોતરીનું શ્રી ઠાકોરજી સમક્ષ પૂજન કરી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સમગ્ર પરિવારને આશીર્વાદ આપ્યા. સાંજે વિદાય-મિલન સભામાં ઈંગ્લૅન્ડ ખાતે સન ૨૦૨૫માં યોજાનાર 'સર્વોપરી ઉપાસના પર્વ' અંગે અદ્‌ભુત માર્ગદર્શન આપી સાચા અર્થમાં આપણા પ્રગટ ગુરુહરિ અખંડ રાજી રહે તેવાં વિચાર-વાણી-વર્તન બનાવવાની સુંદર સૂઝ આપી. ૨૨ જૂનની વહેલી સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સાથે સાધુ પૂ. મૂકેશદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ ઈંગ્લૅન્ડથી અમેરિકાના કેલિફોર્નિયા પધારવા પ્રસ્થાન કર્યું. આમ, ટૂંકા સમય માટે ઈંગ્લૅન્ડ પધારીને પણ દર્શન-આશીર્વાદનો અદ્‌ભુત લાભ આપી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌને ધન્ય કર્યાં.

૨૨ જૂનના રોજ ફ્રિમૉન્ટ મંડળના ભક્તોએ ઍરપૉર્ટ પર સંતોનાં સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી ભાવેશભાઈ-છાયાબહેનના ઘરે પધારી સાંજે જાહેર સત્સંગસભામાં ઉપસ્થિત અક્ષરમુક્તોનો સત્કારભાવ ઝીલ્યો. યુવાનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરી ભક્તિ અદા કરી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા. ૨૩ જૂનના રોજ સવારે



લૉસ ઍન્જલસ-યુ.એસ.એ. મંદિરમાં બિરાજિત મૂર્તિઓના પ્રથમ પાટોત્સવપર્વની ભક્તિભાવે ઉજવણી

સભાહૉલમાં સત્સંગસભા કરી ભક્તોને લાભ આપ્યો. સાંજે કમલેશભાઈ-પ્રતીક્ષાબહેનના ઘરે સભામાં કીર્તનભક્તિ બાદ સાધુ પૂ. ઉત્પલદાસજીએ સત્સંગલાભ પ્રદાન કર્યો. ૨૪ જૂને સવારે અનિલભાઈ-રંજનબહેનની મૉટેલ તથા નીલેશભાઈ-હર્ષિદાબહેનના ઘરે પધરામણી કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. સાંજે નીલેશભાઈ-નિશાબહેનના ઘરે તથા વિકીભાઈ-વિધિબહેનના ઘરે પધરામણી કરી સૌ પર આશીર્વાદ વરસાવ્યા. ૨૫ જૂનના રોજ સવારે ભક્તો સાથે સત્સંગગોષ્ઠિ કરી અદ્ભુત લાભ આપ્યો. સાંજે દર્શનભાઈ-સંગીતાબહેનના ઘરે નવનિર્મિત ઘરમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી મહાપૂજા અને આરતીમાં સૌ માટે પ્રાર્થનાઓ ધરી. ૨૬ જૂનના રોજ સાંજે રાજુભાઈ-સુધાબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી સત્સંગલાભ આપ્યો. ત્યારબાદ જિગરભાઈ-ક્રેયાબહેનના ઘરે પહોંચી અમૅરિકાના યૂથની મીટિંગમાં વિડિયો કોલ દ્વારા આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં સત્સંગલાભ આપ્યો. ૨૭ જૂનના રોજ મંડળનાં સૌ બહેનો માટે ભાવેશભાઈ-છાયાબહેનના ઘરે સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો સાથે અલ્પાહાર દરમિયાન સત્સંગ-ગોષ્ઠિનું આયોજન કરાયું. સૌ બહેનોએ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પરાવાણીનો અદ્ભુત લાભ મેળવ્યો. ત્યારબાદ હેતલબહેન-મીનેશભાઈની મૉટેલ પર પધરામણી કરી આરતી-ધૂન કર્યાં. ત્યાંથી સાન ફ્રાન્સિસ્કો ઑલ્ડ સિટીમાં ડાહીબાના દીકરા સંજયભાઈ-રીનાબહેનના ઘરે પધરામણી કરી, આરતી-થાળ કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. સાંજે શિલ્પાબહેનના ભાઈના ઘરે પધરામણી કરી સત્સંગલાભ આપ્યો.

૨૮ જૂનના રોજ સવારે સ્થાનિક મંડળના સૌ ભક્તોને આવી રહેલા રક્ષાબંધન પર્વ નિમિત્તે રક્ષાસૂત્ર અર્પણ કરી સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌ પર આશીર્વાદ વરસાવ્યા. ત્યારબાદ ચેતનભાઈ-નેહાબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થનાઓ કરી લૉસ ઍન્જલસ જવા માટે ઍરપૉર્ટ પધાર્યા. લૉસ ઍન્જલસ ઍરપૉર્ટ પર સર્વે ભક્તોએ ઉત્સાહપૂર્વક સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં સ્વાગત કર્યાં.



લૉસ ઍન્જલસ-યુ.એસ.એ. મંદિરમાં બિરાજિત મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કરતા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો

ત્યાંથી સૌ નૂતન મંદિરે પધાર્યા. મંદિરે સ્વાગતસભામાં સૌને અદ્ભુત લાભ આપ્યો. સાંજે આરતી અર્પણ કરી અને સભામાં સૌને સત્સંગનું અલૌકિક સુખ પ્રદાન કર્યું. ૨૯ જૂનના રોજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોએ સંજયભાઈ-વિભાબહેનના ઘરે, સંગીતાબહેનના ઘરે, વત્સલભાઈ-અસ્મિતાબહેનના ઘરે પધરામણી કરી, સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. સાંજે મંદિરે પધારી સભામાં ખૂબ સરસ લાભ આપ્યો અને આનંદબ્રહ્મ કરાવ્યો. ૩૦ જૂનના રોજ સવારે સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પૂજાના દર્શનલાભ મેળવવા સૌ યુવાનો પધાર્યા, અદ્ભુત સત્સંગલાભ મેળવી સૌ ધન્ય થયા. ત્યારબાદ સૌ સંતો-ભક્તો સાથે પિકનિક માટે ગાર્ડનમાં પધાર્યા. આખો દિવસ સૌ ભક્તોએ સંતોનાં સાંનિધ્યે ખૂબ આનંદબ્રહ્મ કર્યો. સાંજે મંદિરે પહોંચી આરતી-ભજન કરી સત્સંગસભામાં સાધુ પૂ. ઉત્પલદાસજીએ મહિમાગાન કર્યાં.

૧ જુલાઈના રોજ સવારે લૉસ ઍન્જલસ મંડળના યુવાનો અને ગૃહસ્થ ભક્તોએ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની મંગલ પ્રાતઃ પૂજાનાં દર્શન અને સમાગમનો લાભ લીધો. બપોરે પરેશભાઈ-મંજુબહેનના દીકરાના નૂતન આવાસમાં મહાપૂજા કરી પ્રાર્થનાઓ ધરી. ત્યારબાદ અનિલભાઈ સંઘવીનાં ધર્મપત્ની નયનાબહેન સંઘવીનાં અક્ષરધામગમન નિમિત્તે શ્રદ્ધાંજલિ પાઠવવા તેઓના ઘરે પધારી પ્રાર્થના-કીર્તનનાં ગાન કર્યાં. ત્યાંથી જિગરભાઈ-સપનાબહેનના ઘરે પધારી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. સાંજે મંદિરે સત્સંગસભામાં સાધુ પૂ. જયેશદાસજી અને સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સુંદર લાભ આપ્યો.

૨ જુલાઈના રોજ સવારે જિતુભાઈ-મનીષાબહેનના ઘરે પધારી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. ત્યાંથી કામિનીબહેનનાં મોટાં બહેનને ત્યાં પધરામણી કરી. રાત્રે મંદિરે એકાદશી નિમિત્તે યોજિત બહેનોની સત્સંગસભામાં પ્રશ્નોત્તરીમાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોએ સૌના પ્રશ્નોનાં અદ્ભુત સમાધાન કર્યાં.

### લૉસ ઍન્જલસ મંદિરનો પ્રથમ પાટોત્સવ

સંતભગવંત સાહેબજીની કૃપાથી અમેરિકાના લૉસ ઍન્જલસમાં નિર્માણ પામેલ મંદિરની મૂર્તિઓનો પ્રથમ પાટોત્સવ ૩ જુલાઈ ૨૦૨૪ના રોજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. જયેશદાસજી, પૂ. ગિરીશદાસજી, પૂ. ઘનશ્યામદાસજી, પૂ. મૂકેશદાસજી અને પૂ. ઉત્પલદાસજીની દિવ્ય ઉપસ્થિતિમાં ભક્તિભાવે ઉજવાયો. ખૂબ મોટી સંખ્યામાં સ્થાનિક અક્ષરમુક્તોએ પાટોત્સવ અને સંતસમાગમનો અલૌકિક લાભ લીધો. સાધુ પૂ. ઉત્પલદાસજીએ શાસ્ત્રોક્ત ઢબે સંતો અને યજમાન ભક્તો પાસે સુંદર સમજણ આપીને પાટોત્સવ વિધિ કરાવી. આ પ્રસંગે સિએટલથી પધારેલા વીરેન્દ્રભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. ભાવિનભાઈએ મંદિરના મહિમાની અને મૂર્તિઓના દૈવતની વાતો કરી. કેલિફોર્નિયાથી પધારેલા ચેતનભાઈએ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની સ્મૃતિઓ વાગોળી મંદિર અર્થે જીવન સમર્પિત કરનાર ભક્તો અને સંતભગવંત સાહેબજીના મહિમાની વાતો કરી. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી સૌ ભક્તોની ભક્તિને બિરદાવી અને 'હું મંદિરનો અને મંદિર મારું, હું ભગવાનનો અને ભગવાન મારા' તે ભાવ દૃઢ કરાવ્યો. પરેશભાઈએ સંતોનો અને મંદિરને પોતાનું ઘર માની શ્રી ઠાકોરજીનાં લાલનપાલન કરતા સ્થાનિક ભક્તોનો આભાર વ્યક્ત કર્યો. સાંજે મંદિરે સાધુ પૂ. જયેશદાસજીના પ્રાગટ્યદિનની સભામાં યુવકો અને સાધુ પૂ. ઉત્પલદાસજીએ મહિમાગાન કર્યાં તેમજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા. ૪ જુલાઈના રોજ ત્રણ અલગ અલગ સત્રમાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પારાયણ કરી સ્થાનિક ભક્તોને અલૌકિક સત્સંગલાભ આપ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં 'વચનામૃત', 'સ્વામીની વાતું', કીર્તનો, પૌરાણિક આધ્યાત્મિક પ્રસંગોના આધાર લઈ હાજર વર્તમાનકાળમાં પ્રભુ અને ગુરુ રાજી થાય તેવું જીવન જીવવાની સ્પષ્ટ અને સચોટ સમજણ આપી રૂડાં માર્ગદર્શન પ્રદાન કર્યાં.

૫ જુલાઈના રોજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોએ લૉસ ઍન્જલસ મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થના કરી સૌની ભાવભીની વિદાય લઈને ઍલનટાઉન જવા પ્રયાણ કર્યું. અને ત્યારે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી મંદિરની સેવામાં સેવારત વડીલ સંતો સાધુ પૂ. ઘનશ્યામદાસજી અને સાધુ પૂ. ગિરીશદાસજી પર પૂ. અશ્વિનદાદાએ અત્યંત પ્રસન્નતા દર્શાવી આશીર્વાદ આપ્યા. ◆



લૉસ ઍન્જલસ મંદિરે પારાયણ લાભ આપતા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા